सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ થયા તારીખ: | ૦૬–૦૮–૨૦૨૪ |
| રજી.લીધા તારીખ : | ૦૬–૦૮–૨૦૨૪ |
| ફેસલ થયા તારીખ: | ૦૪–૦૫–૨૦૨૬ |

-----------------------------------------

ભિલોડાના મહે. એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,
મુ.ભિલોડા.

-----------------------------------------

<u>ક્રિ.કેસ નંબર–૯૦૪/૨૦૨૪</u>
<u>આંક : – ૨૫</u>

ફરીયાદી:– શ્રીસરકાર
(ભિલોડા પો.સ્ટે.પાર્ટ–સી ગુ.રજી.નં.૨૭૨/૨૪)

–:: વિરુધ્ધ ::–

આરોપી:– પ્રકાશભાઈ દેવજી મનાત,ઉ.વ.૩૩,
રહે.સળીચાટ,તા.વીછીવાડા,જિ.ડુંગરપુર(રાજસ્થાન).

ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ) મુજબ.

-----------------------------------------

ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી બી.આઈ.મનસુરી,
આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી ડી.એલ.ધમલાત.

-----------------------------------------

//જજમેન્ટ//

(૧) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકિકત એવી છે કે,આરોપીએ મોજે આંબાબાર ગામની સીમમાં આવેલ પાલીસોડા ચેક પોસ્ટ પાસે અંતરીયાળ રસ્તા ઉપર તા.૨૮/૦૪/૨૪ ના કલાક ૧૬:૪૫ વાગે પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજાની સ્વીફટ ગાડી નંબર–જી.જે.૦૯.

બી.સી.૭૮૭૬ના આરોપી ચાલકે પોતાના કબજાની સ્વીફ્ટ ગાડીમાં પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટની બીયરની અલગ અલગ બ્રાન્ડની આખી પેટી નંગ–૨૨ તથા છુટી ટીન નંગ–૫૬,કુલ બીયર ટીન નંગ–૫૮૪,જેની કિ.રૂા.૮૭,૬૦૦/– ની ભરી લાવી તથા સ્વીફ્ટ ગાડી નંબર–જી.જે.૦૯.બી.સી.૭૮૭૬ની કિ.રૂા.૩,૦૦,૦૦૦/– ની મળી કુલ કિ.રૂા.૩,૮૭,૬૦૦/– નો મુદ્દામાલ સ્થળ ઉપર મુકી નાસી ગયેલ સદરી આરોપી તાસ દરમ્યાન મળી આવી,ગુન્હો પ્રોહી એકટ કલમ–૬૫(એ)(ઈ) મુજબનો આચરેલ.મજકુર બનાવની ફરીયાદ ફરીયાદી ધ્વારા આપતાં તેની તપાસના અંતે હાલના આરોપી વિરુધ્ધ હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવતા તેમને ક્રિ. પ્રો.કો.ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી આંક–૦૬ થી નિવેદન લેતાં આરોપીએ તેની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી ફરીયાદપક્ષે પુરાવો રજુ કરવા જણાવતાં ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો નોધ્યો.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો:–</u>

આંક.૦૮ થી ફરીયાદી એ.એસ.આઈ.જીતેન્દ્રભાઈ કોદરભાઈની જુબાની

આંક ૦૯ થી ફરીયાદ

આંક.૧૮ થી ત.ક.અ. પો.ઈ.હસુભાઈ પ્રેમસિંગભાઈ ગરાસીયાની જુબાની

આંક.૧૯ થી સુચિપત્ર

આંક.૨૩ થી પંચસાહેદ ગીરીશભાઈ માધુભાઈ તબીયારની જુબાની

આંક.૨૪ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું.

ત્યારબાદ ફરીયાદપક્ષે મૌખીક રીતે પોતાનો પુરાવો થયાની હકીકત જાહેર કરતા,આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબ વધારાનું નિવેદન લેતા તેમાં આરોપીએ તમામ હકીકતો ઈન્કાર કરી બચાવમાં કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષ તેમની વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવતા હોઈ તેમનું નિવેદન તેમના લખાવ્યા મુજબનું નોંધવામાં આવેલ છે.

(૪). ઉપરોકત હકીકતો તેમજ પડેલ પુરાવા નજરે રાખી આ કામના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

// મુદ્દા //

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ મોજે આંબાબાર ગામની સીમમાં આવેલ પાલીસોડા ચેક પોસ્ટ પાસે અંતરીયાળ રસ્તા ઉપર તા.૨૮/૦૪/૨૪ ના કલાક ૧૬:૪૫ વાગે પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજાની સ્વીફ્ટ ગાડી નંબર-જી.જે.૦૯.બી.સી.૭૮૭૬ના આરોપી ચાલકે પોતાના કબજાની સ્વીફ્ટ ગાડીમાં પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટની બીયરની અલગ અલગ બ્રાન્ડની આખી પેટી નંગ-૨૨ તથા છુટી ટીન નંગ-૫૬,કુલ બીયર ટીન નંગ-૫૮૪,જેની કિ.રૂા.૮૭,૬૦૦/- ની ભરી લાવી તથા સ્વીફ્ટ ગાડી નંબર-જી.જે.૦૯.બી.સી.૭૮૭૬ની કિ.રૂા.૩,૦૦,૦૦૦/- ની મળી કુલ કિ.રૂા.૩,૮૭,૬૦૦/- નો મુદ્દામાલ સ્થળ ઉપર મુકી નાસી ગયેલ સદરી આરોપી તાસ દરમ્યાન મળી આવી,ગુન્હો પ્રોહી એકટ કલમ-૬૫(એ)(ઈ) મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

// નિ ર્ણ યો //

(૧). મુદ્દા નંબર-૧: નકારમાં,

(૨). મુદ્દા નંબર -૨: આખરી હુકમ મુજબ.

// નિ ર્ણ ય અંગેના કારણો //

(૬) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત અને કેસની હકિકત સાબીત કરવા માટે આંક-૨૩ થી પંચસાહેદ ગીરીશભાઈ માધુભાઈ તબીયારનાઓને તપાસવામાં આવેલ છે.સદર પંચસાહેદે તેમની જુબાની દરમિયાન આંક-૨૪ ના મુદ્દામાલ રીકવર પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવ્યા સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી.આ પંચસાહેદ તેની જુબાની દરમિયાન ફરી ગયેલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં પંચસાહેદે પંચનામાની હકિકતોને સમર્થન કરેલ નથી તથા સદર પંચસાહેદની આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પંચસાહેદે જણાવેલ છે કે,પોલીસે તેમની લખેલા કાગળમાં સહી કરાવેલી તે સિવાય તેઓ બીજુ કઈ જાણતા નથી.

(૭) વધુમાં,ફરીયાદપક્ષ આંક-૦૮થી ફરીયાદી એ.એસ.આઈ. જીતેન્દ્રભાઈ કોદરભાઈનાઓને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,''ગઈ તા.૨૮/૦૪/૨૦૨૪ ના રોજ અમો તથા પો.ઈ.એચ.પી.ગરાસીયાનાઓ સાથે તથા ભિલોડા પો.સ્ટે.ના બીજા સ્ટાફના માણસો સાથે ટોરડા ઓ.પી.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.ઈ.સાહેબનાઓને બાતમી મળેલ કે પાલીસોડા તરફથી એક સ્વીફટ ગાડી નંબર-જી.જે.૦૯.બી.સી.૭૮૭૬ તેનો ચાલક ભારતીય

બનાવટનો ઈંગ્લીશ દારૂ ભરી પસાર થનાર છે,જે આધારે પો.ઈ.સાહેબનાઓએ બે પંચના માણસો બોલાવી પંચોને હકીકતથી વાકેફ કરી,પંચો સાથે ઉભા હતા તે દરમ્યાન બાતમીવાળી સ્વીફટ ગાડી આવતા,ગાડીમાં ચાલક પોલીસની ગાડી જોઈ ગાડી મુકી ગાડીમાંથી ઉતરી ઝાડી ઝાંખરામાં ભાગી ગયેલ અને ગાડી પાસે જઈ જોતા ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની પેટીઓ મુકેલ હોય તથા પંચોની હાજરીમાં દારૂનો જથ્થો બહાર કાઢી જોતા દારૂની પેટી નંગ–૨૨ તથા છુટા ટીન નંગ–૫૬, કિ.રૂ.૮૭,૬૦૦/– નો મુદ્દામાલ મળી આવેલ જે તમામ મુદ્દામાલમાંથી નીયમનુસાર સેમ્પલ કાઢી લઈ વાહન તથા મુદ્દામાલ દારૂનો જથ્થો પો.ઈ.એચ.પી.ગરાસીયાનાઓએ પંચનામાની વિગતે કબજે કરેલ.આરોપી વિરુધ્ધ વગર પાસ પરમીટે વિદેશી દારૂ ભરી લાવતા હોય પો.સ્ટે.આવી ધોરણસરની ફરીયાદ આપેલી.જે અસલ ફરીયાદ મને બતાવવમાં આવે છે,તેમાં મારી સહી છે,જે આંક–૦૯ થી રજુ છે.આરોપી ગેરહાજર છે. આરોપીને જોયે ઓળખી શકુ.કોર્ટમાં હાજર છે.'' જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,''એ વાત ખરી છે કે,વાહન ચેકીંગમાં કેટલા વાગ્યા નીકળેલા તેનો સમય મારી ફરીયાદમાં જણાવેલો નથી. એ વાત ખરી છે કે ગાડીની માલીકીના આધાર પુરાવા મેળવેલા નહી.એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. ''

(૮) વધુમાં,ફરીયાદપક્ષે આંક–૧૮ થી ત.ક.અ. પો.ઈ.હસુભાઈ પ્રેમસિંગભાઈ ગરાસીયાનાઓને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,''ગઈ તા.૨૮/૦૪/૨૦૨૪ ના રોજ અમો તથા એ.એસ.આઈ.જીતેન્દ્રભાઈ કોદરભાઈનાઓ સાથે તથા ભિલોડા પો.સ્ટે.ના બીજા સ્ટાફના માણસો સાથે ટોરડા ઓ.પી.વિસ્તારમાં પેટ્રોલીંગમાં

હતા દરમ્યાન અમોને બાતમી મળેલ કે પાલીસોડા તરફથી એક સ્વીફ્ટ ગાડી નંબર– જી.જે.૦૯.બી.સી.૭૮૭૬ તેનો ચાલક ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ભરી પસાર થનાર છે,જે આધારે અમોએ બે પંચના માણસો બોલાવી પંચોને હકીકતથી વાકેફ કરી,પંચો સાથે ઉભા હતા તે દરમ્યાન બાતમીવાળી સ્વીફ્ટ ગાડી આવતા,ગાડીમાં ચાલક  પોલીસની ગાડી જોઈ ગાડી મુકી ગાડીમાંથી ઉતરી ઝાડી ઝાંખરામાં ભાગી ગયેલ અને ગાડી પાસે જઈ જોતા ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની પેટીઓ મુકેલ હોય તથા  પંચોની હાજરીમાં દારૂનો જથ્થો બહાર કાઢી જોતા દારૂની પેટી નંગ–૨૨ તથા છુટા ટીન નંગ–૫૬,કિ.રૂ.૮૭,૬૦૦/– નો મુદ્દામાલ મળી આવેલ જે તમામ મુદ્દામાલમાંથી નીચમનુસાર સેમ્પલ કાઢી લઈ વાહન તથા મુદ્દામાલ દારૂનો જથ્થો અમોએ પંચનામાની વિગતે કબજે કરેલ. આરોપી વિરુધ્ધ વગર પાસ પરમીટે વિદેશી દારૂ ભરી લાવતા હોય પો.સ્ટે.આવી સાથેના એ.એસ.આઈ.જીતેન્દ્રભાઈ કોદરભાઈનાઓએ ધોરણસરની ફરીયાદ આપેલી. ત્યારબાદ પી.એસ.ઓ.શ્રી એ.એસ.આઈ. ચંદુભાઈ ખાતુભાઈનાઓએ ભિલોડા પો.સ્ટે.ગુ.ર.નં.૨૭૨/૨૪,પ્રોહી એકટ કલમ–૬૫એઈ મુજબ ગુનો રજીસ્ટર કરી સુચિપત્રમાં મારા નામજોગ હુકમ કરી તપાસ અમોને સોંપેલ,જે સુચિપત્રની ખરી નકલ રજુ દાખલ આંક–૧૯ આપવામાં આવે છે.ત્યારબાદ સદર કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા ત્યારબાદ ગુનામાં સંડોવાયેલ સ્વીફ્ટ ગાડી હિંમતનગર પાસીંગની હોઈ જેની વિગત મેળવવા માટે હિંમતનગર આર.ટી.ઓને યાદી કરેલ અને હિંમતનગર આર.ટીઓ.માંથી ગાડીની વિગત આવેલી જે ગુનાના કામે સામેલ રાખેલ.ત્યારબાદ આ કામના આરોપી પ્રકાશ દેવજી મનાતનાઓ પો.સ્ટે. ખાતે હાજર થતા તેમની પુછપરછ કરી ગુનાની કબુલાત કરતા હોઈ અટક કરવામાં આવેલ.તયારબાદ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં

ચાર્જશીટ કરેલ.આરોપી ગેરહાજર છે.આરોપીને જોયે ઓળખી શકુ.કોર્ટમાં હાજર નથી. ઓળખની તકરાર નથી'' જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ''એ વાત ખરી છે કે,સ્વતં ત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.એ વાત ખરી છે કે,આરોપી પાસેથી મુદ્દામાલ મળેલ હોય તેવુ બનેલ નથી.''

(૯) ફરીયાદપક્ષે રજુ પુરાવો જોતાં,આ કામે પંચ સાહેદોના પુરાવા પરથી એ હકીકત ફલીત થાય છે કે,આંક–૨૪ નું પંચનામું પંચોની રુબરુ અને હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર પંચો રુબરુ આ કામેનો મુદામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ બનાવના દિવસે આરોપી પાસેથી પોલીસે પંચો રુબરુ મુદામાલ કબજે લીધેલાનું પુરવાર થતુ નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૦) <u>નામ.બોમ્બે હાઈકોર્ટે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧)</u> ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,'' જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સં જોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહિ.'' આમ,સદર કામે આંક–૨૪ નું પંચનામું રજુ કરવામાં આવેલ છે પરંતુ તેની હકીકતો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી.

(૧૧) આ કામેના પોલીસ સાહેદોના પુરાવામાં બનાવવાળી જગ્યાએ ઘણા બધા વાહનો તથા માણસોની અવર જવર હોવાનું રેકર્ડ ઉપર આવેલ

હોવાછતાં સદર કામે તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી અને તેમનો પુરાવો ફરીયાદપક્ષે રજૂ કરવામાં આવેલ નથી. જેથી માત્ર પોલીસ સાહેદોના પુરાવાનો આધાર રાખી સ્વતંત્ર સાહેદોના સમર્થનકારી પુરાવાની ગેરહાજરીમાં આંક–૨૪ થી રજૂ થયેલ પંચનામાની હકીકતો પુરવાર થઈ ગયેલ હોવાનું માની શકાય નહી.

(૧૨) વધુમાં, નામ. ગુજરાત હાઈકોર્ટના ધીરજલાલ ગાંડાભાઈ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧(૧) જી.એલ.આર. ૪૩૩ ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, "Before a presumption can be raised thereunder, it is necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brands of spirits and also the name of its manufacture. It is clear on the record of the case that at least the condition regarding the manufacturer of the bottles in question has not fulfilled in the present case. It is, therefore, not possible to raise the presumption under the said section 116B. There is no other evidence in the case which connects the accused with the offence in question."

(૧૩) નામ.ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે એ હકીકત સાબીત કરવી પડે કે,સદર કામે કહેવાતા આક્ષેપીત જુદી જુદી બ્રાન્ડની ઈગ્લીસ દારૂ / બીયર ની બોટલો પકડાયેલ છે તેના પર લાગેલ સીલ તથા તેના પર લાગેલા લેબલ સાચા

છે કે કેમ ? તે સંદર્ભે તેઓએ તપાસ કરેલ અને તેના પર તેના ઉત્પાદન કરનારનું નામ લખેલ છે તે સાચુ છે કે કેમ ? તે સંદર્ભે યોગ્ય તપાસ કરવી જોઈએ. પરંતુ સદર કામે તેવી કોઈ જ તપાસ કરેલ હોય કે તે સંદર્ભે માહીતી તથા કહેવાતી આક્ષેપીત બ્રાન્ડના ઉત્પાદકો ના નિવેદનો લીધેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. સમગ્રપણે આ કામેની તપાસ જ અસ્પષ્ટ અને અધુરી તજવીજની જણાઈ આવે છે.આમ, સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાના સમર્થન વિહોણી પોલીસ સાહેદોની જુબાની માન્ય રાખી આરોપી વિરુધ્ધ કેસ પુરવાર થયેલો ગણી શકાય નહીં.આ કામેના તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવાઓ લક્ષમાં લેતાં આ કામેના આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ, નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ધ પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૪) આમ,સદર કેસમાં ફરીયાદપક્ષ નિ:શંકપણે આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ,ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::–

(૧) આરોપી પ્રકાશભાઈ દેવજી મનાત,ઉ.વ.૩૩,રહે.સળીયાટ, તા.વીછીવાડા,જિ.ડુંગરપુર(રાજસ્થાન)નાઓને બી.એન.એસ.એસ.ની કલમ –૨૭૧(૧) મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ) (ઈ) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબજે કરવામાં આવેલ પ્રોહી.મુદ્દામાલનો અપીલ સમય

વિત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના અગાઉના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૪ થી,માહે–મે,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ:૦૪/૦૫/૨૦૨૬
મુકામ: ભીલોડા

(તુષારકુમાર વીરાભાઈ પરમાર)
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01084